પ્રવાહ ત્રીજો.

ॐ

॥ श्री जगन्नाथो विजयतेत्तराम् ॥

सत्स्वरूपनो
અ
ગ
સ
મ
જ

આવૃત્તિ ૧ લી — પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦. — સને ૧૯૧૪

પ્રથમ ભાગ.

રચનાર
ભટ્ટ જયશંકર તુળજારામ.
રાદેર—સુરત.

પ્રગટકર્તા.
પ્રેમશંકર મગનલાલ શર્મા.
વઢવાણ સીટી
વ્યવસ્થાપક,
શ્રી સનાતન ધર્મોત્તેજક મં.

અમદાવાદ.
રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીગ પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યો.

॥ ॐ तत्सत्. ॥

સત્‌સ્વરૂપની અણસમજ.

પ્રથમ ભાગ.

૧૫-૨૪

પ્રાતઃકાળનો સમય થયો છે. આકાશ મંડળમાંથી તારાગણ ધીરે ધીરે અસ્ત થવા લાગ્યા છે. આકાશને દીપાવી રહેલા રંગ બેરંગી વાદળાઓ પોતપોતાનો રંગ ત્યજી દઈ નિર્મળ થઈ ગયા છે. પક્ષીગણો પોતપોતાની ભાષામાં ઈશ્વર સ્તવન કરી રહ્યા છે. યોગી પુરૂષો યોગનિષ્ઠામાં, કર્મકાંડી નિત્યકર્મમાં, ભોગીઓ ભોગ પ્રપંચમાં, સૌભાગ્યવતિ સ્ત્રીઓ પતિભક્તિમાં તથા બાળબચ્ચાની સારવાર કરવામા, ઉદાર પુરૂષો દાન કરવામાં, દયાળુ પુરૂષો દયા કરવામા, શ્રીમંતો સંસાર ખટપટમાં, રાજાલોકો રાજ્ય પ્રપંચમાં, કુલટાઓ કુકર્મમાં, વિધવાઓ પતિવિરહમાં, પાપીઓ પાપાચારમાં, સ્વાર્થીઓ ભોળાજનોને ભમાવવામાં, આ પ્રમાણે ક્રિયાઓ થઈ રહી છે.

એ સમયને વિષે મુમ્બાપુરીમાં મહાલક્ષ્મી ઉપર આવેલા એક એકાંત બંગલામાં એક વૃદ્ધ પુરૂષ આરામ ખુરશીપર બેઠા છે તે જાણે મહાન ઉંડા વિચારમાં મગ્ન હોય એમ લાગે છે. તેના

ચ્હેરા ઉપર ઉદાસિનતાની છાયા ફરીવળીહોય એમ દેખાય છે વચમા વચમા કાઇક ઉદ્દગાર તેના મૂખમાથી નીકળતા સંભળાય છે, સ્વસ્થ ચિત્તથી સાભળો તે શા વિષય ઉપર નીકળે છે શાન્તિનો વખત છે એટલે સાંભળવાને કાઇપણ હરકત આવશે નહિ

" વાહ ! મૂર્ખતા વાહ ! શો તારો અદ્દભુત ચમત્કાર ! તારી બલીહારી ઓર છે. ભણી–ગણી સિદ્ધ થયેલા અને ડાહ્યા પુરૂષોને પણ કોઇ કોઈવખત તારા પંજાનો સપાટો એવો સજ્જડ લાગી જાય છે કે તે વખતે તેઓ અંધ બની મૂર્ખાઇના કામો કરવામાજ પ્રવર્ત થઇ જાય છે. મૂર્ખાઇના કામો સિવાય બીજુ કાઇપણ તેમને સુજતુ નથી. અરેરે ! આવા આવા પુરૂષો તારા પજાથી બચી શકતા નથી તો અમારા સરખા પ્રાકૃત મનુષ્યની શી વાત ! અર્થાત્ અમે તારા પજાના ઘા શી રીતે સહન કરી શકીએ. હે ઇશ્વર ! શુ કરૂ મને કઇપણ સુજતુ નથી, સાર્વજનિક હિત એજ મુખ્ય કર્તવ્ય છે તેને તો સઘળા વિસારી બેઠા છે અને અવળા અવળા કામો કરવા લાગ્યા છે. પોતાનો સ્વાર્થ શી રીતે સધાય એનુજ રટણ સર્વે કરી રહ્યાં છે, ફકત વ્યવહારમાજ આવી રીતનું ચાલતુ નથી. ધર્મમાં પણ સ્વાર્થનુ જોર પ્રબળ થઇ ગયુ છે. આજકાલતો સઘળા ધર્મને નામે રળી ખાવા બેઠા છે. બહારથી તો જણાવશે કે અમો ધર્મરક્ષક છૈએ પણ અંદરખાનેથી સ્વાર્થના મૂળ એવા ઉંડા બાઝી ગયેલા હોય છે કે તેમને નિર્મૂળ કરતાં ઘણો કાળ જોઇએ ધર્મ શુ વસ્તુ છે તે તેઓ બરોબર જાણતા નથી. તેઓ એટલુજ સમજ્યા છે કે ' ખાવુ, પીવુ અને મોજમઝા માણવી અને બહારથી ધર્મનો ડોળ રાખવા ' આ-

ટલેથી તેઓ અટક્યા હોત તો સારૂં પણ વળી એક બીજાનો દ્વેષ—' તારો શિવ આવો અને તારો વિષ્ણુ આવો, તારો રામ આવો અને તારો રહેમાન આવો, ઈત્યાદિ આવી રીતનો દ્વેષ માહોમાહે કરી પોતપોતાના વાડા વાળી નોખા થયા, નોંખા થઇને પણ ન ઠર્યા—પોતાના અનુયાયીઓને શાસ્ત્રોના સ્વાર્થમય અર્થ કરી આડુ અવળુ સમજાવી તેમાંજ પૂરી રાખે, પોતાનો સ્વાર્થ સરે અને મનની ઉમેદ પુરી પડે, ભલે પછી તેઓ માયાજાળમા ફસે અને નર્કમા પડે. જ્યા આવી રીતની દ્વેષબુદ્ધિની મારામારી ચાલે ત્યા પછી પુછવુજ શુ ? આવી રીતની વર્તણુક જ્યારે ધર્મના થાભના—આચાર્યો—માજ હોય તો તેઓને સમજાવવા કોણ સમર્થ થાય કે ' ગુરૂદેવો ! તમો આ શુ કરોછો, તમારી બુદ્ધિ કેમ બેહેર મારી ગઈ છે, તમે કોની ગાદી શોભાવોછો, ગાદી સ્થાપનારા કેવે રસ્તે ચાલતા હતા અને તમો કેવે રસ્તે ચાલો છો. તેઓનો ઉદ્દેશ શો હતો અને તમો કેવો ઉદ્દેશ ચલાવો છો. ઇશ્વર શુ ? અને તેનુ સ્વરૂપ શુ ? તેનો કોઇ દિવસ તમને ખ્યાલ આવ્યો છે ? શિવ—વિષ્ણુ, રામ—રહેમાન ઇત્યાદિ એ બધા શુ જુદા છે. અને એ બધા જુદા હોય તો કેટલા ઇશ્વર હોવા જોઈએ ? " આ પ્રમાણેના ઉદ્દગાર તે વૃદ્ધ પુરૂષના મૂખમાંથી નીકળતા હતા

વાચકવૃંદો ! આ વૃદ્ધ પુરૂષને તમો ઓળખો છો ? ન ઓળખતા હો તો હુ તમને તેની થોડી ઓળખાણ પાડું છુ.

આ વૃદ્ધ પુરૂષ શરીરે બ્રાહ્મણજ્ઞાતિના છે તેમનું નામ મહાશંકર ગૌરીશંકર ભટ્ટ તેમની ઉમર આશરે ૭૫ વર્ષની છે.

તેમણે દેશ–કાળને લઇ વેપારી લાઇન લીધી હતી. તેઓ એક વખત સાર્વજનિક હિત કરવામાં મુખ્ય આગેવાન હતા. હાલમાં તેઓ વૃદ્ધાવસ્થાને લીધે જરજરીભૂત થઇ જવાથી સર્વ ખટપટ મુકી વાનપ્રસ્થ દશા ભોગવે છે. જો કે તેઓ વૃદ્ધ થયા છે, છતાં તેમની વૃત્તિ હજુ સાર્વજનિક હિત કેવી રીતે જળવાઇ રહે તે ઉપરજ છે. તેઓ રાત્રી દિવસ દૂર રહ્યા છતાં એ બાબતનુંજ રટણ કર્યા કરે છે.

આજ પ્રાત કાળમાં તેઓ પોતાના નિત્યકર્મથી ફરાગત થઇ જરા બહાર સમુદ્રની ખુલ્લી હવામાં ફરી આવી આગલા દિવસના આવેલા ન્યુસપેપરો લઇ પોતાના દિવાનખાનામા બેઠા છે. પેપરમા આવેલા ફકરા (આર્ટીકલો) વિચારતા જાય છે અને ઉભરાઇ જતા વિચારો ઉદ્ગારરૂપે બહાર કાઢે છે.

આ પ્રમાણે વિચારના તરગમા મગ્ન થઇ રહ્યા છે એવામા એક માણસે આવી ખબર આપ્યા કે નીચે એક અવધૂત સન્યાસી પધાર્યા છે. તેઓ "નારાયણ હરે" એ પ્રમાણે બોલી ઉભા રહ્યા છે.

મહાશંકર ભટ્ટજી આ સાભળતા એકદમ ઉઠી ઉભા થયા અને મારે ઘેર મહાત્મા પુરૂષના પગલા કયાથી! ખરે, ઇશ્વર મારી મુઝવણ દૂર કરવા સન્યાસીનું રૂપ લઇ પધાર્યાતો ન હોય! હે ઇશ્વર! તારી શક્તિ અથાગ છે. તારી લીલાનો પાર હજુ સુધી કોઇ પામ્યું નથી અને પામશે પણ નહિ. આ પ્રમાણે મનમાં પોતાને ધન્યવાદ આપતા સ્વામીજીને આવકાર આપવા દિવાનખાનાની બહાર આવ્યા. સ્વામીજીને નિહાળતાંજ સાષ્ટાગ દંડવત્

પ્રણામ કર્યાં અને પોતાના દિવાનખાનામાં પવિત્ર આસન બીછાવી તે ઉપર તેઓશ્રીને પધરાવી અર્ધ્ય-પાદથી પૂજન કર્યું. પશ્ચાત્ આ દિન સેવકની ઝુંપડી પાવન કરવા અને દેવને પણ દુર્લભ એવા દર્શનનો લાભ આપવા ક્યાંથી પધારવુ થયુ, અને સેવક પ્રત્યે જે આજ્ઞા હોય તે ફરમાવો. આદિ ધીરે ધીરે અને નમ્રતા-પૂર્વક પૂછવા લાગ્યા.

સ્વામીજી—હુ આજ ચાર પાંચ દિવસ થયાં આપની નગરીમા આવ્યો છુ. ગીરગામ આગળ એક ધર્મશાળામાં મારો ઉતારો છે આજ પ્રાત:કાળમા ફરતા ફરતા આ તરફ આવી ચઢયો છુ. અનાયાસે આપને ત્યા અન્નજળ લખ્યુ હશે માટે અહિં આવી પહોચ્યો છુ. ભલા, આપનું નામ શુ?

ભટ્ટજી—મારૂ નામ મહાશંકર. આ શહેરમાં મારા પીતાને નામે ગૌરીશંકર સન્સ એન્ડ કું૦ એ નામથી મોટી પેઢી ચાલે છે પીતાના સ્વર્ગવાસ થયા પછી આ શરીર ઉપર સઘળો બોજો આવી પડયો હતો. કરોડોનો વહિવટ આ હાથથી થઇ ગયો છે. તેમા નિરાભિમાનપણું રાખ્યુ જેનું ફળ-નિવૃત્તિ-તે હુ હાલ ભોગવું છુ. મારી ઉમ્મરના ઘણાઓ હજુ માયાજાળમાં ફસ્યા પડયા છે. કઠિ લાકડા પહોંચી ગયા છે છતાં તેમની આંખો ઉઘડતી નથી. કાળના મુખમાં પડયા છે છતા લાંબી લાંબી આશાના કિલ્લા હવામાં બાંધી રહ્યા છે; હુ તો ઇશ્વરનો મોટો ઉપકાર માનુંછું કે વૃદ્ધાવસ્થામા પણ આ રસ્તે મને ચઢવાની મતિ સૂઝાડી. મારે સારે ભાગ્યે છોકરા પણ સુપાત્ર મળ્યા કે મારો સઘળો બોજો ઉપાડી

લીધો. હે મહારાજ ! હું હવે તે તરફ લક્ષજ આપતો નથી. છોકરા તેમને ફાવે તેમ ફોડે. હું તો આ એકાંત સ્થાનમાં રહી ઇશ્વર ભજનમાંજ સઘળો વખત નિર્ગમન કરૂંછુ અને જેથી મને ઘણોજ આનંદ રહે છે.

સ્વામીજી—ભલા આજ આપનો ચહેરો ઉદાસિન હોય એમ લાગે છે તેનું શુ કારણ ?

ભટ્ટજી—મહારાજ ! જુવાનીમા આ શરીરને પોતાના દેશને માટે ઘણુંજ અભિમાન હતું સાર્વજનીક હિત કેમ થાય અને સર્વ ઐક્યતાથી કેવી રીતે જોડાય અને સદૈવ સલાહ સંપથીજ વર્તે એવી અભિલાષા હતી. હવે તો શરીર વૃદ્ધ થયુ, શેકેલો પાપડ પણ ભાગતો નથી અને જ્યારે મારા બંધુઓને માંહોમાહે દ્વેષભાવથી વઢતા સાભળુંછુ ત્યારે અંતઃકરણ ઘણુંજ દાઝે છે અને જુવાનીનો જુસ્સો ચઢી આવે છે, પણ જ્યારે શરીર કહ્યું કરતુ નથી ત્યારે હારી—લાચાર થઈ બેસી રહુ છુ. આજે પણ પેપરદ્વારા મારા વાંચવામા આવ્યુ છે કે શૈવ અને વૈષ્ણવ વચ્ચે ભારે ઝઘડો ચાલે છે. નાહકના વઢવેડ કરે છે. "પોતાનાજ ગોળામા વિષ મેળવવા બેઠા છે સ્વરૂપ સમજ્યા વિના બાપે માર્યાં વેર કરે છે. એક કહે તારો શિવ આવો ત્યારે બીજો કહે તારો વિષ્ણુ આવો. આ પ્રમાણે એક બીજાના ઉપર આક્ષેપો કરે છે, વઢવેડનુ સ્વરૂપ વધારી આખર કૉરટ દરબાર ચઢે છે, નકામા પૈસાની ખુવારી કરે છે જે બોજો બીચારા ગરીબ શ્રદ્ધાળુ ભકતોને માથે આવી પડે છે. ધર્મ ઉપર મરી ફીટનાર પેટે પાટા

બાંધીને પણ પૈસા ભરી છુટે છે, જેનો વિચાર મૂર્ખા આગેવાનોને હોતો નથી. તેમને એ વિચાર ક્યાંથી આવે! પરસેવો ઉતારી પૈસો કેમ મળે છે તેનો અનુભવ લીધો હોય ત્યારે માલુમ પડે કે કેટલી વિસે સો થાય! આતો પારકે પૈસે તાગડધીંન્ના! પૈસા ખુટ્યા કે કાઢયુ ડેપ્યુટેશન! અમુક પૈસાની રકમ ઉઘરાવી મોકલાવી આપો. કામ અટકી પડયુ છે. હુકમ કરવો તેને કંઈ મહેનત છે. એતો હુકમ અમલમા લાવનારા જાણે કે કેમ થાય છે મહારાજ! શું કરૂ. મારૂ હથિયાર બુઠું થઇ ગયુ છે, અને છોકરાઓ પણ કોઇ આ બાબતમા મારે પગલે ચાલે એવા ન નીકળ્યા હશે! તેમના પ્રારબ્ધનો વેગ હાલમા દ્વેષબુદ્ધિથી વઢવેડ કરવાનો હશે હુંતો હવે અહિ રહ્યા રહ્યા પરમાત્માની રાત્રી દિવસ પ્રાર્થના કર્યા કરૂ છુ કે ઇશ્વર તેમને સુમતિ આપે કે જેથી તેઓ શુભ માર્ગે ચાલે અને માહોમાંહેનો દ્વેષ છોડી સલાહ–સંપથી વર્તે.

સ્વામીજી—હે ભટ્ટજી! શિવ, વિષ્ણુ, રામ, રહેમાન આદિ સર્વે છેનો એકજ, પણ હાલમાં થાયછે શું જે એક એક ભાગ લઇ–પૂર્વાપર શુ કહ્યુ છે તે ન જોતા–પોતાનુંજ ગ્રહણ સત્ય છે એવો ખોટો કદાગ્રહ કરે છે. વળી ખાટલે મોટી ખોડ શું કે તેઓ કક્કાને નામે કુટી મારે એવા વિદ્વાન અને સમજુ છે. ગધ્ધા પૂછ પકડી તે પકડી, ભલે પછી ગમે તેટલી લાતો ખાય

શિવ–વિષ્ણુ આદિની ભક્તિ કરવી એ તો મૂખ્ય આપણું કર્તવ્ય છે પછી ગમે તો શિવની ભક્તિ કરો કે ગમે તો વિષ્ણુની

ભક્તિ કરો અને ગમે તો બંનેની કરો. આ પ્રમાણે બંનેની ભક્તિ કરવામાં કોઇ વળી શંકા ઉઠાવે કે ત્યારે શું ઇશ્વર બે છે ? તો તેનું સમાધાન એજ છે કે પરમેશ્વર કાંઇ બે નથી તે તો સ્વરૂપે સદૈવ એકજ છે ગુણના ભેદથી તેનું શિવ અને વિષ્ણુ એવું નામ પડે છે, પરંતુ વસ્તુતાએ એકજ છે. આ પ્રમાણે સ્વરૂપની અણસમજણને લીધેજ હાલમાં બાપે માર્યા વેર થઇ ગયા છે. પરસ્પર મૂર્ખાંઇથી એક બીજાનો દ્વેષ કરે છે. જુઓ શ્રુતીમાં, પુરાણમાં અને સિદ્ધના અનુભવમાં ઇશ્વર એકજ છે. ઇશ્વરને એક નહિ માનતા, જેઓ ભીન્ન ભીન્ન નામોપર મત ભેદ તાણી મરી ફીટે છે તેઓ નિંદાને પાત્ર થઇ પોતાનુંજ અકલ્યાણ કરે છે—પોતાની કુવાડી પોતાના પગ ઉપર મારે છે.

શિવની ભક્તિ કરતો હોય ને વિષ્ણુને નિંદે તો શિવનીજ નિંદા થાય છે, કારણ ઇશ્વર એક છે; અને વિષ્ણુની ભક્તિ કરે ને શિવને નિંદે તો વિષ્ણુની નિંદા થાય છે, કેમકે ઇશ્વર એકજ છે. ઇત્યાદિ અન્ય દેવોને માટે પણ સમજવુ. અજ્ઞાની અંધ શ્રધાને લીધે તેઓના મૂર્ખ આચાર્યોના સ્વાર્થમય વચનોની અંધારી વડે પૂર્વાપરનો વિચાર ન કરવાથી (લેને ગઇ પૂત ઓર ખો બેઠી ખસમ) એ કહેવત મુજબ કરે છે તેઓનો પોતાના ઇષ્ટના માનને ખાતર બીજાના ઇષ્ટની નિંદા કરે છે પણ તેઓ સમજતા નથી કે જેમ આપણા ઇષ્ટની કોઇ નિંદા કરે તો જેવું દુઃખ આપણને લાગે છે તેવુજ દુ ખ તેમના ઇષ્ટની નિંદા કરવાથી તેમને કેમ ન લાગે ? અવસ્ય લાગેજ. કારણ જેની જેમાં શ્રધા હોય તે તેમને અતિ પ્રિય લાગે છે.

યોગસૂત્રમાં પણ કહ્યું છે કે:—यथाऽभिमत ध्यानाद्वा ॥

જેની જે ઇષ્ટમાં રૂચિ હોય તેની તે ભક્તિ કરે તો તેમાં તેને જલદી એકાગ્રતા થાય છે.

હે ભટ્ટજી ! મૂર્ખાઓજ એવા ખોટા વાદમાં મમત્વ બાંધીને માહોમાંહે લડી મરે છે, સમજુ માણસો તો ઇશ્વરમાં એવો કાંઇ ભેદ ભાવ રાખતા નથી અને એમ કરવાથી તેઓ સદા આનંદમાં રહે છે.

ભટ્ટજી—હે મહારાજ ! આપતો શિવ-વિષ્ણુ બેયને એક કહો છો, અને જ્યારે તેઓ એકજ હોય અને તેઓમાં ભિન્નભાવ લેપ પણ ન હોય તો તેઓ વિષે પરસ્પર વિરૂદ્ધ વચનો કેમ લખાય?

જુઓ શિવરહસ્યમા એક ઠેકાણે એવુ લખ્યુ છે કે —

विभूतिर्यस्य नो भाले नांगे रुद्राक्ष धारणम् ।
नहि शंभुमयी वाणी त त्यजेदं त्यजं यथा ॥

જેણે કપાળમાં ભસ્મ કરી ન હોય, જેણે અંગે રૂદ્રાક્ષ પહેરી ન હોય અને જેની વાણીમા શંભુ એટલે શિવનું નામ ન હોય તે માણસને નીચ—ચાડાલની માફક ત્યાગ કરવો.

વળી આગળ ચાલતા એમ પણ કહ્યું છે કે —

विष्णुदर्शन मात्रेण शिवद्रोहः प्रजायते ।
शिवद्रोहान्न सन्देहो नरक याति दारुणम् ।

तस्माच्च विष्णु नामापि न वक्तव्यं कदाचन ।
यः सन्तप्त शंखादि लिंगांकित तनु र्नरः ।
स सर्व यातना भोगी चाण्डालः कोटि जन्मसु ॥

વિષ્ણુના દર્શન માત્રથી શિવનો દ્રોહ થાય છે, અને શિવના દ્રોહથી અવશ્ય દારૂણ નર્કને પામે છે. તે કારણ માટે ક્યારે પણ વિષ્ણુનુ નામ ન લેવુ જોઇએ; જે પુરૂષ તપ્ત શંખાદિથી ચિન્હિત (ધાતુની બનાવેલી છાપો તપાવીને શંખાદિની છાપ લીધેલો) હોય છે તે મનુષ્ય સંપુર્ણ નર્કની યાતના ભોગવીને કોટી જન્મ સુધી ચાંડાલ થાય છે.

વળી એક જગ્યાએ એમ પણ લખ્યુ છે કે—

" પોતે તો વિષ્ણુનુ નામ લેજ નહિ ને સાંભળે પણ નહિ, પણ બીજો કોઇ જો તે નામ ઉચ્ચારે તો તેની જીભ કાપી નાંખે તેજ ખરો શિવભક્ત કહેવાય "

હવે વિષ્ણુપુરાણમાં શિવની વિરૂદ્ધ લખ્યુ છે કે—

शिवार्चनाद् ब्राह्मणस्तु शूद्रेण समता मियात् ।
तिर्यक् पुण्ड्र धरं विप्रं चाण्डाल मिव संत्यजेत् ॥
वैष्णवः पुरुषो यस्तु शिव ब्रह्मादि देवताः ।
प्रणमेतार्चयेद्वापि विष्ठायां जायते कृमिः ॥

શિવનુ પૂજા કરવાથી બ્રાહ્મણ શૂદ્રની સમાન થઇ જાય છે ત્રિપુંડધારી બ્રાહ્મણને ચાંડાલની સમાન ત્યાગી દેવો. જે વૈષ્ણવો

શિવાદિ દેવતાઓને પ્રણામ કરે અથવા પૂજન કરે તે વિષ્ટાનો કીડો થાય છે.

હે મહારાજજી ! આ પ્રમાણે બન્ને મતોમા એક બીજાની વિરૂદ્ધ વચનો લખેલા વાચવામા આવે છે તો તેનુ શુ કરવુ ? ધર્મચુસ્ત તો આ વચનોને અનુસરીનેજ વર્તે, અને તે પ્રમાણે વર્તવામા સફળ નીવડે તો પોતાને ધન્યવાદ આપે કે તેઓએ પોતાના શાસ્ત્રોનો અમલ કેવી સરસ રીતે બજાવ્યો છે તો આનું સમાધાન કેવી રીતે કરવુ ?

સ્વામીજી—હે ભટ્ટજી ! આનુ સમાધાન એ છે જે—ઇશ્વરના એક સ્વરૂપમા આ વાત સભવતીજ નથી વિધિ વચનો જેટલા હોય તે ભક્તિ વધારવાના છે એમ સમજવુ અને પરસ્પર વિરોધના વચનો છે તે સારાસાર સમજી કોઇનો વિરોધ નહિ કરતા અને જેની ભક્તિ કરતા હોઇએ તેમા દ્રઢતા રાખતા છેવટ એ ઇશ્વરમાજ બીજા સર્વનો સમાવેશ થાય છે એમ સમજવુ બ્રાહ્મ કહો, વિષ્ણુ કહો કે રૂદ્ર કહો સર્વે જ્યારે સમજણ આવશે અજ્ઞાનરૂપી આવરણ દૂર થઇ જ્ઞાનરૂપી દિપક પ્રગટ થશે—ત્યારે લાગશે કે આ જે સઘળો પ્રપંચ મે આજ દિન પર્યંત કર્યો છે તે કેવળ મૂર્ખાઇથીજ—સત્સ્વરૂપની અણસમજણથીજ—કર્યો છે.

બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર સ્વરૂપે એકજ છે તે વિષે સ્મૃતિમા પણ કહ્યુ છે કે.—

ब्रह्माणं केशवं रुद्रं, भेद भावेन मोहिताः ।

पश्यं त्वेकं न जानन्ति, पाखंडो पहता जनाः ।

જેઓ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રને ભેદભાવ વડે મોહિત થઈને એકરૂપ જોતા નથી તેઓ પાખંડી અને મોક્ષથી ભ્રષ્ટ થયેલા સમજવા—તેમનો મોક્ષ થનાર નથી.

આ પ્રમાણે સ્વામીજી મહારાજનો અમૃત પ્રવાહ ચાલી રહ્યો છે, મહાશંકર ભટ્ટજી જેના પાનથી તૃપ્ત થાય છે અને અધિક અધિક પાનની ઇચ્છા રાખતા જાય છે એટલામા એક માણસે આવી ખબર આપ્યા કે ભોજનનો સમય થયો છે માટે પધારો આથી વધુ ખુલાસો ભોજન થઇ રહ્યા બાદ કરવો મુલતવી રાખી ભટ્ટજી સ્વામીજી સહિત ભોજનગ્રહમા પધાર્યા ભોજન લઈ પુનઃ બન્ને જણા દિવાનખાનામા આવી અપૂર્ણ સંવાદનો પ્રારંભ કર્યો.

સ્વામીજી—હે ભટ્ટજી! તમોએ શિવરહસ્ય અને વિષ્ણુપુરાણમાં શિવ—વિષ્ણુ વિષે અરસ્પરસ દ્વેષના વાકયો લખાયલા બતાવ્યા તેઓ શા હેતુથી લખાયલા હશે તે કહી શકાતું નથી આધુનિક સાંપ્રદાયિક આગ્રહિ લોકોએ પણ કેટલાંક દ્વેષના વાકયો પોતાનો સ્વાર્થ સાધવાને માટે ગ્રંથોમાં દાખલ કરી દીધા એમ ઘણાખરાનુ માનવુ છે અને એ એમ બનવુ સભવીત છે, કારણ, શિવ વિષ્ણુને પરસ્પર એવો શો વાધો હોય કે તેઓ એક બીજાનો દ્વેષ કરે.

જુઓ વિષ્ણુ ભગવાન પંડે કહે છે કે.—

शिवोममात्माममच[illegible]**रकों, बुद्धिर्गणेशोममभाक्तिराः ।।**
विभेदबुद्ध्यामायियेभजन्ति, ममाङ्गहीनानरकेषतन्ति ।।

શિવજી મારા આત્મા છે, સૂર્યનારાયણ મારા નેત્ર છે, ગણપતિ મારી બુદ્ધિ છે, આદ્યશક્તિ મારી શક્તિ છે, તેઓમાં અને મારામાં વિભેદ બુદ્ધિથી જે પુરૂષો મને ભજે છે તે અંગહીન પુરૂષો નરકમાં પડે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે પરસ્પર દ્વેષના વાક્યો લખાયલા છે તે ખરેખર સ્વાર્થબુદ્ધિથીજ લખાયલા હોવા જોઇએ.

આ પ્રમાણે શાસ્ત્રોમાં લખાયલા ક્ષેપક વચનોથી અજ્ઞાની અવળે રસ્તે ન ચઢી જાય માટે તેઓએ તેવાં શાસ્ત્રો ગુરૂમુખથી જાણવા જોઇએ. વળી શાસ્ત્રો પણ પોકારીને કહે છે કે,—" આ શાસ્ત્રો ગુરૂમુખથી જાણો, એનો ભેદ શ્રી ગુરૂ બતાવશે " તે ગુરૂ પણ કેવા હોવા જોઇએ. શ્રોત્રિય એટલે વેદના અર્થને યથાર્થ જાણનાર અને બ્રહ્મનિષ્ટ એટલે પરબ્રહ્મ પરમાત્માને અપરોક્ષ અનુભવે કરીને જાણનાર આવા ગુરૂઓના મુખથી જ્યારે શાસ્ત્રો જણાય ત્યારે જ જેવુ હોય તેવુ યથાર્થ જ્ઞાન થાય નહિતર સ્વાર્થી ગુરૂઓના સ્વાર્થમય બોધથી વિપરીત માર્ગે ચઢી જાય અને સારાસાર ન સમજવાથી ભવાટવીમાં ગોથા ખાય.

દ્રોહિ ભક્તો સ્વાર્થી ગુરૂઓના આવા અવળા બોધથી ભમી જઇ એટલુ પણ નથી વિચારતા કે શિવને અને વિષ્ણુને એવડો શો વાંધો છે ને એક બીજાએ પરસ્પર શુ બુરુ કર્યું છે કે, તે શિવ–વિષ્ણુ આદિની નિંદા કરે. શિવ–વિષ્ણુ આદિની ભક્તિ કરનારાઓએ સદાય સમજવુ જોઇએ કે, ત્રિગુણાત્મક સ્વરૂપ તો એકજ છે: તેમ છતાં વિવેક વગર જે એકને ભજે છે ને બીજાને નિંદે છે તે નરકમાં પડે છે.

કોઇ વળી કહેશે કે શિવ સંબંધી શાસ્ત્રમા એમ લખ્યુ છે કે "વિષ્ણુ શિવના ભક્ત છે," અને વિષ્ણુ સંબધી શાસ્ત્રમાં એમ લખ્યુ છે કે "શિવ વિષ્ણુના ભક્ત છે." આમા એક વાત સાભળી બીજીને પડતી મેલવાની નથી માનો કે શિવ–વિષ્ણુ પરસ્પર એક બીજાના ભક્તો છે તોપણ તેઓએ એમ વિચારવુ જોઇએ કે પોતાના ગુરૂના જે ભક્ત હોય તે ગુરૂ–ભાઇ થાય માટે પણ તેનો દ્વેષ ન કરવો જોઇએ જે સપ્રદાયમા પોતે હોય તેમા બીજા કોઇ હોય તો તે સંપ્રદાયી ભાઇ ગણાય તો તેમ પણ શિવની કે વિષ્ણુની કે અન્ય કોઇ દેવની નિદા કરવી ઘટતીજ નથી. એક સપ્રદાયમા રહીને બીજાની નિદા કરનારા દ્રોહિ અજ્ઞાની જીવને એવી ભક્તિ તેના કર્મનુ ફળ આપવાને માટેજ પરમેશ્વરે તેને આપી છે એમ સમજવુ જેમ એક ગુરૂનો કોઇ શિષ્ય હોય તે ઘણા વર્ષથી સેવા કરતો હોય તેમા કોઇ બીજો શિષ્ય થાય ને તે જો પ્રથમનાની સાથે દ્વેષ કરે તો ગુરૂને ગમતુ નથી ત્યારે ઇશ્વરને એવો દ્રોહ કેમ ગમે? (નહીજ ગમે) કેમકે તે તો બન્ને એકજ રૂપ છે

નિરાકાર શિવ અને વિષ્ણુ બંને એકજ અને સર્વવ્યાપક છે. જુઓ વિષ્ણુના સર્વ વ્યાપકપણા વિષે વિષ્ણુ પજરમાં લખ્યુ છે કે --

जले विष्णुः स्थले विष्णु, र्विष्णुः पर्वत मस्तके ।
ज्वालामाला कुले विष्णुः सर्वं विष्णुमयं जगत् ॥

જળમા વિષ્ણુ છે, સ્થળમા વિષ્ણુ છે, પર્વતની ટોચ ઉ-

પર વિષ્ણુ છે, અગ્નિની જ્વાળામાં વિષ્ણુ છે, એમ સર્વ જગત્ વિષ્ણુમય છે.

હે ભટ્ટજી, તમોએ સાભળ્યુ હશે કે પૃથ્વીનો ભાર ઉતારવા અને ખળ લોકોનો સંહાર કરવા લીલાથી જ્યારે વિષ્ણુએ કૃષ્ણાવતાર ધારણ કર્યો ત્યારે મનુષ્યનું અનુકરણ કરતાં છતાં પણ પોતાનું સર્વવ્યાપકપણું પોતે પ્રત્યક્ષજ દેખાડી આપ્યુ છે કૃષ્ણની અદ્ભુત શક્તિને લીધે બ્રહ્માને મોહ થતાં તેણે જ્યારે વાછરડા—અને ગોપાળોનુ હરણ કર્યું ત્યારે બ્રહ્માનો મદ ઉતારવા જેટલા વાછરડા—ગોવાળીયા અને જેટલા તેના પદાર્થો તે રૂપ કૃષ્ણ પોત્તે થઈને વિહાર કરવા લાગ્યા કે જેથી બ્રહ્માને બહુ આશ્ચર્ય થયું અને ક્ષમા માગીને સ્તુતિ કરી. આ વાત સર્વકોઈથી અજાણી નથી. એ ઉપરથી સમજવાનુ એટલુંજ છે કે આ સર્વ જગત્ વિષ્ણુમય છે.

એના નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન ભાગવતમાં નીચેના શ્લોકથી કરે છે —

यं ब्रह्मा वरुणेंद्र रुद्रमरुतः स्तुन्वान्ति दिव्यैः स्तवै ।
वेदैः सांग पदक्रमोपनिषदै गायन्ति यं सामगाः ॥
ध्यानावस्थित तद्गतेन मनसा पश्यन्ति यं योगिनो ।
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

બ્રહ્મા, વરુણ, ઈંદ્ર, રૂદ્ર પવનો ઉત્તમ સ્તોત્રોથી જેની સ્તુતિ

કરે છે, સામવેદનું ગાન કરનારા મુનિઓ અંગો, પદ, ક્રમ અને ઉપનિષદ્ સાથે વેદોથી જે પરમાત્માની સ્તુતિ કરેછે, ધ્યાનમાં લાગેલા અને તલ્લીન થયેલા મનવડે યોગીઓ જેને દેખે છે અને દેવતાઓ તથા દૈત્યો જેમના મહિમાના પારને પામતા નથી તે પરમાત્માને નમસ્કાર

વિષ્ણુનું સર્વવ્યાપકપણું જેવી રીતે ઉપર બતાવ્યું તેવી રીતે હવે શિવનુ સર્વવ્યાપકપણું અને નિર્ગુણપણું કહુ છુ તે સાંભળો —

पाताले चांतरीक्षे दश दिशिगगने सर्व शैले समुद्र ।
भस्मे काष्टे च लोष्टे क्षिति जल पवने स्थावरे जंगमे वा ॥
बीजे सर्वौषधीना मसुर सुरपतौ पुष्पपत्रे तृणाग्रे ।
एको व्यापी शिवोऽयं इति वदतिहरिर्नास्तिदेवो द्वितीयः॥

પાતાળમાં, અંતરીક્ષમા, દશે દિશામા, આકાશમાં, સર્વ પર્વતોમા, સમુદ્રોમા, રાખમાં, લાકડામા, માટીના ઢેફામાં, પૃથ્વીમા, પાણીમા, પવનમાં, અસુર અને દેવતાઓના ખંડમાં, અને સર્વ સ્થાવર–જગમમા આ એક શિવ વ્યાપક છે, બીજો કોઇ દેવ નથી એમ હરિ કહે છે.

આ ઉપરથી ખુલ્લું જણાઇ આવે છે કે આખું જગત શિવમય છે, એનાથી નોખુ કાઇ નથી, વળી શિવ, વિષ્ણુ અને રામ આદિ શબ્દોના અર્થ પણ શું સુચવે છે તે ઉપર જરા ધ્યાન આપો.

શિવ એટલે મંગળ–કલ્યાણ, વિષ્ણુ એટલે પ્રવેશ કરીને રહેનાર, વ્યાપક અને રામ એટલે યોગીઓ જેને વિષે રમણ કરી રહ્યા છે તે.

હવે શિવ જે મંગળ–કલ્યાણ વાચક છે તેને સર્વ કોઇ ઇચ્છે છે. કોઇ એવું કહેશે કે મારૂ અમંગળ–અકલ્યાણ થાઓ; અને જ્યારે એવું કહેતો નથી ત્યારે તે શિવનેજ ભજે છે અને એમ થયુ ત્યારે જે વ્યાપક તત્વને વિષ્ણુ કહીએ છીએ, જેમા યોગીયો રમણ કરી રહ્યા છે તે તત્વને રામ કહીએ છીએ તેજ શિવ છે અને જેને શિવ કહીએ છીએ તેજ વિષ્ણુ તથા રામ છે એટલાં માટે તે એક સ્વરૂપમા ભેદ કલ્પના કરવી એતો કેવળ મૂર્ખાઇનુંજ પરિણામ છે.

શિવ—વિષ્ણુમા ભેદ કંઇ નથી, એકજ છે. ભાગવતની શ્રીધરી ટીકામાં પણ કહ્યુ છે કે—

माधवो माधवा विशौ सर्व सिद्धि विधायिनौ ।
वन्दे परस्परात्मानौ, परस्परनति प्रियौ ॥

વિષ્ણુ અને શંકર એ બન્ને સમર્થ સરખા ઇશ્વર છે. સર્વ સિદ્ધિને આપવાવાળા છે, વળી પરસ્પર છે આત્મા જેને અને અન્યોઅન્ય નમસ્કાર કરવો તે જેને પ્રિય છે એવા હરિહરને હું વંદન કરૂં છુ.

આ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે વિષ્ણુનું નામ લીધું તોપણ તેજ છે અને શિવનુ નામ લીધું તોપણ તેજ છે, જેઓ વિચાર કર્યા વગર નામના ભેદપર ઝુલાવો ખાઇને કલેશ કરે છે

તેને છેવટ કલેશજ રહે છે માટે બુદ્ધિથી વિચાર કરી ભેદ કલ્પના છોડી દઇને ભક્તિ કરવી જોઇએ.

હે ભટ્ટજી ! શિવ–વિષ્ણુનું જગતમયપણુ અને વ્યાપકપણુ જેમ એક સરખું છે તેમ તેઓ યોગમા સરખા છે. બન્ને પૂર્ણ યોગીઓ છે. યોગીના સ્થાનમાં ક્રૂર પ્રાણિઓ પરસ્પર ક્રૂરતા છોડી મીત્ર ભાવે વર્તે છે, અને એવા લક્ષણ જે સ્થાનમાં મળી આવે તે કોઈ યોગીનું સ્થાન છે એમ જાણવુ.

જુઓ શિવજીને સર્પાભૂષણ છે, પોઠીઓ તેનુ વાહન છે; ગણપતિનુ વાહન ઉંદર છે અને દેવીનું વાહન સિંહ છે એ બધા તેમના સ્થાનમાં એકઠા રહે છે, જો કે તેમનો વૈરભાવ પરસ્પરમાં સ્વભાવિક છે છતા તેઓ સાથે હળી–મળીને રહે છે. એ ઉપરથી જણાય છે કે આ યોગીનું સ્થાન છે અને શિવજી પરમ યોગીછે.

વળી વિષ્ણુ શેષ ઉપર શયન કરે છે અને ગરૂડ તેમનુ વાહન છે. સર્પ અને ગરૂડને કુદરતી વેર છે છતા તે સ્થાનમાં એકઠાં રહે છે તેથી તે પણ યોગીનુ સ્થાન છે. અને વિષ્ણુ પણ પરમ યોગી છે એમ ચોખ્ખું જણાય છે, અને એથી પણ શિવ–વિષ્ણુ બન્ને એકજ સરખા છે એમ સિદ્ધ થાય છે.

હવે તેમનું નિર્ગુણ સ્વરૂપ પણ સરખું છે તે નીચેના ઉદાહરણોથી જાણી શકાય છેઃ—

व्यक्ताव्यक्त गुणो तरं सुसुखदं, षट् त्रिंशत्तत्त्वाधिकम् ।
तस्मादुत्तर तस्त दक्ष मिति , ध्येयं सदायोगिभिः

वन्देतामस वर्जितेन मनसासूक्ष्माति सूक्ष्मं परम् ।
शान्तं पञ्चममीश्वरं प्रतिदिन, व्यापि तेजोमयम्. ॥

દેખાતા અને નહિ દેખાતા ગુણોથી ઉત્તર (તેથી પણુ પર) સુખને આપનાર, છત્રીશ તત્વથી વધારે એટલે જેને ૩૭ મુ તત્વ ગણે છે તે, તે તત્વોથી પર–અક્ષર એ નામથી યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય સૂક્ષ્મથી પણુ અતિ સૂક્ષ્મ, પર, શાન્ત, ચાર અવસ્થાને લઇને પાંચમા ઈશ્વરરૂપ, આકાશની પેઠે વ્યાપક અને તેજોમય તે તત્વને નિર્મળ મનથી પ્રતિદિવસ પ્રણામ કરૂ છુ.

આવી રીતે શિવ અને વિષ્ણુના નિર્ગુણ સ્વરૂપમાં જ્યાં જ્યાં જોઇએ ત્યા ત્યા એકરૂપપણુંજ જોવા તથા અનુભવવામા આવે છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે–નામ માત્ર સિવાય તેના શુદ્ધ સ્વરૂપમાં કશો ભેદ છેજ નહિ. ભેદ નહિ છતાં પણુ ભેદ કલ્પના કરી રાગ–દ્વેષ બાંધે છે તેને સુખને બદલે દુઃખજ પેદા થાય છે. જ્યાં જોઇએ ત્યા તે એકજ સ્વરૂપ છે, તેમ છતા બેની કલ્પના કરનારા પોતાની મેળેજ ભ્રમમા પડે છે તેને સુખ શી રીતે થાય ? ઇશ્વરે આપણુને સમજવાની શક્તિ આપી છે તો આ-પણે તેનો બરોબર ઉપયોગ કરી સારાસાર તપાસી જોવુ અને એ બેમા કશો પણુ ભેદ છે નહિ તો શા માટે એ બેમાં ભેદભાવ દેખાડનારાં વચનો ઉપર નજર રાખવી જોઇએ.

હે ભટજી ? હરિ ને હર એકજ છે, બન્ને શબ્દો પણુ એક જ–હૃ–ધાતુ ઉપરથી નીકળ્યા છે. માટે નિર્મળ ભકિતથી ભેદ ટાળી નાંખી ભજન કરવું. શિવ–વિષ્ણુ નામ માત્ર છે. જેમ કોઇ

વિકલ્પભર્યો સુતો હોય તેને સ્વપ્નમાં જેવા વિકલ્પ થાય છે, તેમ જેવો ભાવ અને જેવો વિકલ્પ હોય તેવાં દર્શન ઇશ્વર આપે છે. અંતે તો એક શુદ્ધ રૂપજ છે માટે એક ભાવથીજ ભક્તિ કરવી. જો એ બે સ્વરૂપમાં ભેદ દષ્ટિ થાય તો જેની સેવા કરતા હોઇએ તેજ દેવ આપણી ઉપર કોપ કરે છેઃ હરિહર પંડે કહે છે કેઃ—

परात्पर तरंयांति नारायण परायणाः।
नते तत्र गमिष्यान्ति ये द्विषन्ति महेश्वरं. ॥

જે નારાયણને પરાયણ છે અર્થાત્ જેની ઇંદ્રિયો એક ઇશ્વરનેજ પરાયણ થયેલ છે તે આદિ માયાથકી પર એવા ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મને પામે છે. પણ જે શિવનો દ્વેષ કરે છે તે, તે ઉત્તમ પદને પામતા નથી.

ગમે તો વિષ્ણુ કહો કે ગમે તો શિવ કહો પરતુ પ્રકૃતિથી પર જે પરબ્રહ્મ પરમાત્મા કહેવાય છે તે એકજ છે નામના ઉચ્ચાર માત્રથી તેમા કશો ભેદ થતો નથી. માયા ઉપાધિ ગ્રહણ કરીને સાકાર સ્વરૂપ પર વિચાર કરતાં પણ એકજ સ્વરૂપના બે નામ તે એકજ કહેવાય. આપણું ડાબુ અને જમણુ અગ એમ બોલવામાં બે દેખાય છે તોપણ વસ્તુતાએ તે બેય અગ તે એકજ શરીર રૂપ છે, તેમજ શિવ અને વિષ્ણુ અથવા હરિ અને હર તે બેય એકજ સ્વરૂપ છે.

માયાવડે ગુણુનો આશ્રય કરીને ઉત્પત્તિ-સ્થિતિ અને લયના નિમિત્ત રૂપ પરમેશ્વર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એવા નામથી કહેવાય છે. તે વિષે સૂત સંહિતામા કહ્યું છે કેઃ—

रजो गुणेन संछन्नो, अधिष्ठाय तं गुणम् ।
स्रष्टा भवति सर्वस्य, जगतः पंडितोत्तमाः ॥
गुणेन तमसा छन्नो विष्णुः सत्त्वगुणं बुधाः ।
अधिष्ठाय भवेत्सर्वं, जगतः पालकः प्रभुः ॥
तथा सत्त्वगुणच्छन्नो, रुद्रो विप्राः तमोगुणम् ।
अधिष्ठायभवेद्धन्ता, जगतः सत्यवादिनः ॥

રજોગુણ વડે ઢંકાયેલ, રજોગુણનો આશ્રય કરીને સ્હેલ સૃષ્ટિ કર્તા સર્વ જગતના પંડીતોમા ઉત્તમ પંડીત બ્રહ્મા છે, તમોગુણ વડે ઢંકાયેલ, સત્વગુણવાળા વિદ્વાનો જાણે છે તે વિષ્ણુ સત્વગુણનો આશ્રય કરીને સર્વ જગતના પાલક પ્રભુ થાય છે અને સત્વગુણથી ઢંકાયેલ રૂદ્ર, વિપ્રો ! તમોગુણનો આશ્રય કરીને જગતના હણુનાર અને સત્યવાદિ થાય છે.

આ ઉપરથી વિચાર કરતા જણાય છે કે ગુણના આશ્રયથી થયેલા એકજ પરમેશ્વરના કાર્યાતરને લીધે એ નામ કલ્પાયેલાં છે. મૂળ વસ્તુતાએ પ્રભુ એકજ છે.

અવતારોના પ્રકરણમા પુરાણાંતરોને વિષે ઉમા—ગૌરી વગેરે દેવીઓ વિષ્ણુ કૃષ્ણ વગેરે રૂપે થાય છે એમ લખેલું છે. એવા પ્રસંગોમાં પણ સમજવાનું છે કે કાર્યને લીધે કલ્પાયેલી ઉપાધીના નામ માત્રમાં ભેદ છે. બાકી પરમેશ્વરમાં કશો ભેદ નથી સાકાર સ્વરૂપમાં પણ ભેદ નથી; એ ભેદ અણુસમજુ ભજન કરનારાઓએ

પોતાની મૂર્ખાઇથી કલ્પી લીધો છે. સાકાર સ્વરૂપમાં જ્યારે ભેદ નથી ત્યારે નિરાકારમાં તો તે કલ્પના સંભવેજ કેમ !

સ્થૂળ દ્રષ્ટીથી જોતા જ્યા જ્યાં શિવ–વિષ્ણુ એમ બે કલ્પનાથી વાતો લખાયેલી છે ત્યાં પણ શિવે વિષ્ણુની સહાયતા કરી છે અને વિષ્ણુએ શિવની સહાયતા કરી છે એમ પ્રત્યક્ષ જણાય છે. આવી રીતે એક બીજાને સહાયતા કરતાં બન્ને દેવ મિત્ર ભાવે વર્તતા છતા ભજન કરનારાઓ દ્વૈષભાવ રાખે તો તે પણ અણસમજણ કહેવાય. ગમે તે નામથી ભક્તિ કરવી પરંતુ એક નામની ભક્તિ કરતા બીજા નામનો દ્વૈષ કરવો નહિ, કેમકે એમ કરવાથી એકની કરેલી ભક્તિ પણ નાશ પામે છે. સાકાર નિરાકારની સર્વ વાતો વિચારી જોતાં એમજ નિશ્ચય થાય છે કે માયા જેને આધિન છે અને ચિત્તશક્તિ લક્ષ્મિના પતી છે તે વિષ્ણુ અને શિવ એકજ છે માટે એક ભાવે તેની ભક્તિ કરવી પરમેશ્વરનો ખરૂ જોતા કોઈ પણ આકાર નથી, જેવો જેવો ભક્તના મનનો ભાવ તેવુ તેવુ રૂપ પરમેશ્વરનુ ભાસે છે જેમ જળનો આકાર પાત્રના આકાર પ્રમાણે ભાસે છે અને અગ્નિનો આકાર લાકડાના આકાર પ્રમાણે ભાસે છે. તેમ નિરંજન, નિરાકાર ઇશ્વર ભક્તના મન પ્રમાણે ભાસે છે.

સાયંકાળનો સમય થયો એટલે સ્વામીજી ઉઠી ઉભા થયા ભટ્ટજી મહારાજને દિવસ ક્યાં ગયો તેની ખબરજ રહી નહિ. પોતે તો હજી ન્યુસપેપરમા વાચેલા આર્ટીકલોનોજ ખુલાસો કરે છે; પોતાના શ્રેયનો માર્ગ–આખર અવસ્થા થઇ ગયેલી હોવાથી કેવી

રીતે પ્રાપ્ત થાય અને તેને માટે શુ કર્તવ્ય કરવાની જરૂર છે આદિ પૂછવાનું તો બાકીજ રહી ગયું. જ્યારે સ્વામીજીના મૂખમાથી "જઇશ" એ શબ્દો નીકળ્યા ત્યારે ઉપરનું યાદ આવ્યુ અને તેની અસર તેમના ચ્હેરા ઉપર ખુલ્લી રીતે જણાવા લાગી. ગળગળે સ્વરે કહેવા લાગ્યા "હે મહારાજ ! આપના વચનામૃતથી આને હજુ પૂર્ણ શાન્તિ થઈ નથી, મુદ્દાની વાત પૂછવી તો બાકી રહી ગઇ છે એટલામાં આપ તો જવા તૈયાર થઇ ગયા હવે આપ મહાત્માના દર્શન ક્યારે થશે. અરેરે ! ઘરે બેઠા ગંગાજી પધાર્યા પણ તેનુ યથેચ્છ પાન કરી શક્યો નહિ. જો કે સાર્વજનિક હિતમાં આનુ હિત સમાયેલું તો છે પણ વિશેષ કરીને પોતાના સ્વરૂપની ખોળ માટે પણ કાંઇ કરવું જોઇએ, યથાર્થ સાર્વજનિક હિત કરેલું પણ ત્યારેજ કહેવાય કે જ્યારે સ્વરૂપથી ભૂલા પડેલાને યુક્તિપ્રયુક્તિથી સમજાવી તેમના યથાર્થ સ્વરૂપનું ભાન કરાવાય; જે શક્તિ મારામા બીલકુલ નથી, તેને પ્રાપ્ત કરવા આપ જેવા સમર્થ મહાત્માનો સંગ થયા છતા જો ન પ્રાપ્ત થાય તો એથી બીજો હિનભાગી કોણ સમજવો ? હે મહારાજ ! આ શરીર તો હવે વૃદ્ધ થયું છે એટલે એથી હવે કાઇ થઇ શકે નહિ. જો હવે યત્કિંચિત કાંઇ થઇ શકે તો તે ફક્ત આત્મિક સત્તાથી થઇ શકે જે સત્તા આપ જેવા મહાત્માની પૂર્ણ કૃપા થાય ત્યારેજ પ્રાપ્ત થાય—અને ત્યારેજ અખંડાનંદ પ્રાપ્ત કરાય અને કરાવાય. જો એ સત્તા ન મળી તો ખરે આ સંસારમાં જીવ્યુ વ્યર્થજ છે અને જો આપ હવે મારા જેવા પામર જીવનો અનુગ્રહ ન કરશો તો આટલી ઉમ્મરે મારૂં શું થશે + + + + + એટલું ક-

કહેતા કહેતા ભટ્ટજીની આંખમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગી અને આગળ કહેવા જતા હતા પણ બોલી શક્યા નહિ; ત્યારે સ્વામીજીએ તેમને આશ્વાસન આપી શાન્ત પાડયા અને કહેવા લાગ્યા " હે ભટ્ટજી ! આ પ્રમાણે શામાટે કરવું જોઇએ. હિત તે કેનું કરવાનું છે ? કોણ એવો અભાગી હોય કે પોતે પોતાનુ હિત ન કરે આજ તો હવે સમય રહ્યો નથી એટલે વિશેષ શું કહી શકું; કોઇ બીજે સમયે એ વિષય સ્ફુટ કરી સમજાવવામાં આવશે. આજતો હું હવે જઇશ. " રાત્રીનો સમય થવા આવ્યો હતો તેથી મહાશંકર ભટે વિશેષ આગ્રહ ન કરતા, સ્વામીજીનું યથાવિધિ પૂજન અર્ચન કરી કહેવા લાગ્યા. આ બાળ આપને ચર્ણે પડયો છે તો તેનો અનુગ્રહ કરી આખર અવસ્થાએ પાર પહોંચાડશો, આપ સર્વજ્ઞને વિશેષ શું કહુ "

ભટ્ટજી વાહન સિવાય બહાર નીકળી શકતા નહોતા છતાં આજે સ્વામીજીની સાથે વાતો કરતા કરતા કેટલેક દૂર સુધી ચાલીને ગયા પણ જ્યારે સ્વામીજીએ તેમને પાછા ફરવાની આજ્ઞા કરી ત્યારેજ ઉભા રહ્યા. સ્વામીજીને દૃષ્ટિગોચર થતા સુધી જોઇ રહ્યા આખર નિરાશ થઇ પોતાના મુકામે પાછા આવ્યા. એકાંતમાં બેસી સ્વામીજીના વચનામૃતનું મનન કરવા લાગ્યા, અથથી ઇતિ સુધી વિચાર કરી રહ્યા પછી એકદમ બોલી ઉઠયા " અરે ભારત વર્ષ ! તારો ઉદય ક્યારે થશે ? કજીઓ અને માંહોમાંહેનો દ્વેષ ક્યારે નષ્ટ થશે ? કુસંપનું બીજ ક્યારે જડમૂળથી જશે ?

અરેરે! એવા એવા દુર્ગુણો આપણામા ઘર કરીને ભરાઇ બેઠા છે કે ઉન્નતિનો માર્ગ સરખોએ નજરે પડવા દેતા નથી. હે પરમાત્મા ! મારા દિનબન્ધુઓ તરફ જરા અમીદષ્ટી કર અને તેમને તારા સત્સ્વરૂપનું ભાન કરાવ ”

ઇતિ શિવમ્

ॐ शान्तिः शान्तिः शान्तिः

શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામીજી આશ્રિત.

શ્રી સનાતન ધર્મોત્તેજક મંડળના

પ્રવાહ બીજાને થયેલી દ્રવ્ય મદદ.

૧—૦—૦	બ્રહ્મચારી શ્રી શંકરપ્રકાશ	જડેશ્વર
૦—૮—૦	નંદલાલ વિશ્વનાથ વકીલ	કલોલ.
૨—૦—૦	નાયક ગણપત બ્હેચર.	ડાંગરવા.
	(આર્યનિતિદર્શક નાટક સમાજ)	
૧—૦—૦	પીતાંબર કિરપાશંકર	હળવદ.
૧—૦—૦	જયાનંદ માધવરામ.	મુંબાઈ.
૧—૦—૦	બ્રહ્મચારી શ્રી અદ્વૈતપ્રકાશ.	જેતલસર.
૨—૦—૦	બાબુ શંકરરાવ દીનાનાથ.	ગોંડળ.
૧—૦—૦	કહાનજી માધવજી રાજવૈદ્ય	,,
૧—૦—૦	વૈદ્ય શિવશંકર નથ્થુભાઈ.	,,
૧—૦—૦	જોશી મહાશંકર	,,
૦—૮—૦	જમાદાર રામશંકર.	,,
૦—૮—૦	જાની જીવણરામ વર્ણીજી	ટંકારા
	(શ્રી દેશી નાટકસમાજ)	
૦—૮—૦	અં૦ સે૦ બાઈ સંતોક ચકુભાઈ.	,,
૨—૦—૦	દેશાઈ પ્રાણલાલ અમૃતલાલ	અમદાવાદ.
૧—૦—૦	દવે જટાશંકર ગૌરીશંકર.	લીંબડી.

જાહેર ખબર.

શ્રી શંકર જગન્નાથ તીર્થસ્વામીજી આશ્રિત.

श्री सनातन धर्मोत्तेजक मंडळ.

ઉક્ત મંડળ તરફથી વખતો વખત પ્રવાહો છપાઇ બહાર પડે છે. આજ દિન સુધીમા નીચે પ્રમાણે પ્રવાહો છપાઈ ગયા છે અને ભવિષ્યમાં પણ છપાઇ બહાર પડશે.

પ્રવાહ પહેલો. **श्री सद्गुरु पूजाप्रयोग**
,, બીજો. શ્રી સુબોધપત્ર.
,, ત્રીજો. સતસ્વરૂપની અણસમજ (પ્રથમ ભાગ.)
,, ચોથો વિચારપંચક (છપાય છે.)